Veraval-Patan Joint Municipality

Rajendra Bhuvan Road, VERAVAL – 362 265. Dist. Gir Somnath.

Muni ref no. : Date :

આંક:મ્યુની/ડીઝા./ ૨૬૮૯
વેરાવળ-પાટણ સયુંકત નગરપલિકા
વેરાવળ,તા. ૨૭ /૧૨/૨૦૧૯

આથી જણાવવાનું કે, ઓમ સાંઇ બિલ્ડર્સ, વેરાવળ દ્વારા પાર્ક ઓટલ સામે સર્વે નં –૧૪૦૪ પૈકી ૧ પૈકી ૩માં આવેલ પ્લોટ નં – ૨૮ તથા ૨૯ વાળી જગ્યાએ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી એક્ટ – ૨૦૧૩ તે હેઠળના રૂલ્સ – ૨૦૧૪ ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી રેગ્યુલેશન – ૨૦૧૬ તેમજ નેશનલ બિલ્ડીંગ કોડ – ૨૦૧૬ના પાર્ટ – ૪ની લાગુ પડતી જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે, તેમજ આગના સમયે નગરપાલિકાનું ફાયર ફાઇટર પણ ત્યા પહોંચી શકે તેવી પરિસ્થિતી છે.

VERAVAL-PATAN JOINT MUNICIPALITY VERAVAL 362265. VERAVAL

ચીફ ઓફીસર
વેરાવળ-પાટણ સયુંકત નગરપાલિકા

પ્રતિ,
શ્રી ઓમ સાંઇ બિલ્ડર્સ,
વેરાવળ

E:\Office Work\ડીઝાસ્ટર\ફાયર સર્ટીફીકેટ.docx

Scanned by CamScanner

નં.લેન્ડ/૧/સી/એન.એ.રજી.નં.૬/૨૦૧૭-૧૮

કલેક્ટર કચેરી, જમીન-૧ શાખા
ગીર સોમનાથ જિલ્લો,
મુ.ઈણાજ તા. વેરાવળ.
ફોન: ૦૨૮૭૬-૨૮૫૩૪૪
ઈમેઈલ-collectorgirsomnath@gmail.com
તા.૭/૮/૨૦૧૮

વિષય: મોજે: વેરાવળ તા.વેરાવળ
(નગરપાલીકા વિસ્તારમાં સમાવિષ્ટ)
સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ.૩ ની જમીન હે.૦૦-૭૫-૮૮ ચો.મી.ને રહેણાંકના હેતુ
માટે બિનખેતી ઉપયોગ કરવા પરવાનગી મળવા બાબત.
શ્રી કોળી ભીખાભાઈ નારણભાઈ

વંચાણે લીધા ::-
1. અરજદારશ્રીની તા.૩/૫/૨૦૧૮ની અરજી
2. અત્રેની કચેરીના પત્ર નં.લેન્ડ/૧/સી/એન.એ.રજી.નં.૬/૨૦૧૭-૧૮ તા.૭/૫/૨૦૧૮ના રોજ પાઠવેલ પહોંચ.
3. મામલતદારશ્રી,વેરાવળને તપાસ અર્થે મોકલેલ અત્રેની કચેરીના પત્ર નં.લેન્ડ/૧/સી/એન.એ.રજી.નં.૬/૨૦૧૭-૧૮ તા.૭/૫/૨૦૧૮
4. નગર નિયોજકશ્રી, જુનાગઢના પત્ર નં.ડેવ/પાટણ વેરાવળ/વેરાવળ/૮૮૮ તા.૨૫/૪/૨૦૧૮
5. અત્રેની કચેરીની જમીન-૩ શાખાના પત્રનં.લેન્ડ/૩/સી/૩૫૫/૨૦૧૮ તા.૧૦/૫/૨૦૧૮
6. નાયબ કલેક્ટરશ્રી, વેરાવળના પત્રનં.જમીન/સી/૧૧૯૮,૧૧૯૯/૨૦૧૮ તા.૧૭/૫/૨૦૧૮
7. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જી.પં. ગીર સોમનાથ ના પત્રનં. જી.પં./આરો/આ.અ.પ્ર./૩૦/૧૮ તા.૨૧/૫/૨૦૧૮
8. નાયબ ઈજનેરશ્રી, શહેર પેટા વિભાગીય કચેરી, પી.જી.વી.સી.એલ., વેરાવળના પત્રનં.વીએસડી/ટેક/૧૯૦૫ તા.૨૫/૫/૨૦૧૮
9. ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, ગીર સોમનાથના પત્ર નં.સી.સ.ર/એન.એ.રજી.નં.૧/વેરાવળ/૨૦૧૮ તા.૨૮/૫/૨૦૧૮
10. પ્રાદેશિ મેનેજરશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, જુનાગઢના પત્રનં. જીઆઈડીસી/પ્રામે/જનગ/૪૧૫૯ તા.૧/૬/૨૦૧૮
11. ચીફ ઓફીસરશ્રી, વેરાવળ પાટણ સંયુકત નગરપાલિકાના પત્ર નં. આંક :મ્યુની/પ.વ.ડી./૫૬૬ તા.૧/૬/૨૦૧૮
12. નાયબ કલેક્ટરશ્રી, જમીન સંપાદન અને પુનઃવસવાટ(સિં) જુનાગઢના પત્રનં. એલએક્યુ.૪/એનએ-વશી-૧૩૨/૧૮/૨૧૧ તા.૬/૬/૨૦૧૮
13. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગીર સોમનાથના પત્રનં. સીબી/બીનખેતી/ફા-૧/૧૨૫૯ તા.૬/૬/૨૦૧૮
14. નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વિભાગ, જુનાગઢના પત્ર નં.જમન//ટે.૧૪/બ/૨૨૩૭-૩૮/૨૦૧૮-૧૯ તા.૧૧/૬/૨૦૧૮
15. મામલતદારશ્રી,વેરાવળના પત્ર નં.લેન્ડ/સી/૩૧૬૫/૧૮ તા.૧૭/૫/૧૮ તથા લેન્ડ/સી/૧૬૧૯/૧૮ તા.-/૫/૧૮ થી રજૂ થયેલ અહેવાલ
16. નાયબ કલેક્ટરશ્રી, વેરાવળના પત્ર નં.લેન્ડ/સી/૧૨૭૬/૧૩૭૯/૨૦૧૮ તા.૧/૬/૨૦૧૮ થી રજૂ થયેલ અહેવાલ

Scanned by CamScanner

૧૭. અત્રેની કચેરીના પત્ર નં. લેન્ડ/૧/સી/૨૪૧૫/૨૦૧૮ તા.૨૧/૬/૨૦૧૮

૧૮. મામલતદારશ્રી, વેરાવળના પત્રનં.લેન્ડ/સી/૩૬૯૧/૨૦૧૮ તા.૨૨/૭/૨૦૧૮

૧૯. અરજદારશ્રીની તા.૨૪/૭/૨૦૧૮ની અરજી

હુકમ //—

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ–પાટણ સંયુકત નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે વેરાવળ શહેરના સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ.૩ ની જમીન હે.૦૦–૭૫–૮૮ ચો.મી. જમીનના કબ્જેદાર શ્રી કોળી ભીખાભાઈ નારણભાઈએ રહેણાંકના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા પરવાનગી મળવા વંચાણે લીધા ક્રમ–૧ [illegible]ની તા.૩/૫/૨૦૧૮ની અરજીથી માંગણી કરતા અત્રેની કચેરીના વંચાણે લીધા ક્રમ–૨ ઉપરના તા.૭/૫/૨૦૧૮ના પત્રથી અરજદારને પહોંચ પાઠવી વંચાણે લીધા ક્રમ–૩ ઉપરના તા.૭/૫/૨૦૧૮ના પત્રથી મામલતદારશ્રી, વેરાવળને અરજદારની અરજી પરત્વે તપાસ કરી મુદાસર અભિપ્રાય સહ નાયબ કલેકટરશ્રી, વેરાવળ મારફત દરખાસ્ત મોકલવા તથા અન્ય સંબંધિત ખાતા / કચેરીને તેઓના અભિપ્રાય /અહેવાલ મોકલી આપવા જણાવતા નાયબ કલેકટરશ્રી, વેરાવળ દ્વારા અરજદારની અરજી પરત્વે અભિપ્રાય સહ મુદાવાઈઝ દરખાસ્ત તેમજ અન્ય ખાતા કચેરીઓના અભિપ્રાયો નિચેની વિગતે રજુ થયેલ છે.

(૧) <u>નગર નિયોજકશ્રી, જુનાગઢ</u>

વંચાણે લીધા ક્રમ–૪ ઉપરના તા.૨૫/૪/૨૦૧૮ના પત્રથી પાટણ–વેરાવળની વિકાસ યોજના બનેલ છે. નગર રચના યોજના બનેલ નથી પરંતુ સવાલવાળી જમીન વિકાસ યોજનાની હદ બહાર સ્થિત થયેલ છે. વધુમાં સવાલવાળી જમીનને બ્રોડ લે–આઉટ પ્લાનના પૂર્વ તરફ ૩૦.૦૦ મીટરના રસ્તાની અસર થતી હોવાનું જણાવી નિચેની શરતોએ લે–આઉટ પ્લાન મંજુર કરવા ભલામણ કરવામાં આવેલ છે.

૧. સવાલવાળી જમીનને કાયદેસરનો પ્રવેશ સવાલવાળી જમીનથી પુર્વે લાગુ ૩૦.૦૦ મીટર પહોળા બ્રોડ લે–આઉટ પ્લાનનો હયાત જૂનાગઢ થી વેરાવળ જતા રસ્તા પરથી મળતો દર્શાવેલ છે. સદર રોડની હયાતી, પહોળાઈ, વર્ગીકરણ તથા છોડવી પડતી બાંધકામ રેખા, નિયંત્રણ રેખા બાબતે જે તે સંબંધિત ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે. સરકારી ખરાબામાં દર્શાવેલ હયાત રસ્તાની હયાતી અંગે તથા તે રસ્તા પરથી પ્રવેશ મેળવવા અંગે જે તે સક્ષમ અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી અધિકૃત પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

૨. સવાલવાળી જમીનને લગતા કોઈ હકક દાવાઓ, વાદ વિવાદ, કોર્ટ મેટર વિગેરે માટે ખરાઈ કરાવડાવી મંજુર કરનાર સત્તાધિકારીશ્રીએ નિર્ણય લેવાનો રહેશે.

૩. સવાલવાળી જમીનના ૭/૧૨ મુજબ માલિકી, ક્ષેત્રફળ, સત્તા પ્રકાર, ટીપ્પણ/ માપણી શીટ મુજબના રેવન્યુ હદના માપ, લોકેશન, હિસ્સા, આકાર અને અન્ય બાબતોનો જે તે સક્ષમ અધિકારીશ્રી /સત્તાધિકારીશ્રી દવારા ખરાઈ કરાવી લેવાની રહેશે તેમજ અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

૪. લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ સાર્વજનીક પ્લોટ તથા આંતરિક રસ્તાઓની માલીકી તમામ પ્લોટ હોલ્ડરોની સહીયારી રહેશે તથા લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ માર્જીન તથા ખુલ્લી જમીન સ્થળ પર ખુલ્લી છોડવાની સંપુર્ણ જવાબદારી જમીન માલીક તથા એન્જીનીયરની રહેશે તથા માર્જીનમાં નિયમોનુસાર વૃક્ષારોપણ કરવાનું રહેશે.

૫. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૨/૧૦/૧૭ના જાહેરનામા નં.જીએચ/વિ/૨૬૯ ઓફ ૨૦૧૭/ઈડીબી–૧૦૨૦૧૬–૩૬૨૯–એલ થી મંજુર થયેલ કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. તેમજ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક ઈ.ડી.બી.–૧૦૨૦૧૬–૩૬૨૯–લ તા.૩૧/૩/૨૦૧૮ મુજબની જોગવાઈનું પાલન સબંધિત સક્ષમ અધિકારી/સંસ્થાએ કરવાનું રહેશે. તે મુજબ વિકાસ પરવાનગી આપવાની રહેશે. તેમજ બાંધકામ કરવાનું રહેશે. તથા તે પૈકીની કોઈપણ શરતોનો ભંગ થયે આ મંજુરીની ભલામણ રદ ગણવાની રહેશે. ઉપરોકત હુકમો ધ્યાને લઈ બિનખેતી અંગેની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૬. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૨/૧૦/૧૭ના જાહેરનામા નં.જીએચ/વિ/૨૬૯ ઓફ ૨૦૧૭/ઈડીબી–૧૦૨૦૧૬–૩૬૨૯–એલ થી મંજુર થયેલ કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ના શેડયુલ–૨૩ માં દર્શાવ્યા મુજબના વૃક્ષોનું નીયમોનુસારનું વૃક્ષારોપણ કરવાનું રહેશે.

૭. સવાલવાળી જમીનની આસપાસ પસાર થતા વર્ગીકૃત રસ્તાથી તથા આસપાસમાંથી કોઈ ગેસ લાઈન/ઈલેકટ્રીક લાઈન/જળ સ્ત્રોત/જળ પ્રવાહ/ જળ સંગ્રહ/કેનાલ/રેલ્વે/વિમાનઘર/વાયુસેના/ ઓ.એન.જી.સી. કે અન્ય ગેસ પાઈપ લાઈન/રક્ષિત સ્મારકો/જેલ/રક્ષિતવન/અભ્યારણ્ય સ્થિત થયેલ હોય

Scanned by CamScanner

...તો, તેનાથી કાયમી ખુલ્લી રાખવી પડશે, બાંધકામ વેચાણની જમીન કાયમ માટે ખુલ્લી રાખવાની રહેશે. તેમજ સંબંધિત બાબતે સક્ષમ અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે. જો તદ-અનુસારના [illegible] અભિપ્રાયમાં ફેરફાર જણાય યોગ્ય સ્ક્રુટીની ફી ભરપાઈ કરી નવેસરથી અભિપ્રાય મેળવી લેવાનો રહેશે. જેની ખાસ નોંધ લેવી.

[illegible] અવાજ કે અન્ય પ્રદુષણ અંગે પોલ્યુશન કંટ્રોલબોર્ડના જે તે સંબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

[illegible] સવાલવાળી જમીન જે સ્થાનિક સત્તામંડળની હદમાં આવતી હોય તે સ્થાનિક સત્તામંડળનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે, તેમજ વિગતવાર બાંધકામ પરવાનગી સ્થાનિક સત્તામંડળ પાસેથી મેળવી લેવાની રહેશે અને ત્યારબાદ જ બાંધકામ કરી શકાશે.

૧૦. શ્રી પ્રથમ જે તે સક્ષમ અધિકારીશ્રી પાસેથી બિનખેતીની મંજુરી મેળવી લેવાની રહેશે અને ત્યારબાદ જ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. લે-આઉટ પ્લાનને મંજુરીની ભલામણ અરજદારશ્રી જે જમીનના માલિક છે તે જમીન પુરતી જ આપવામાં આવે છે.

૧૨. સવાલવાળી જમીનના લે-આઉટ પ્લાનને આયોજનની દ્રષ્ટિએ તાંત્રિક ભલામણ કરવામાં આવે છે, જેના કારણે અરજદારની જમીનની માલિકી હદ, માપો, આકાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી.

૧૩. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના હુકમ ક્રમાંકઃ પરચ/ ૧૦૨૦૦૧/૪૫૫/લ તા.૨૯/૫/૦૧ના સરખા ક્રમાંકના તા.૧૦/૮/૦૧ તથા તા.૭/૫/૦૨ ના હુકમની જોગવાઈનું પાલન સંબંધિત સક્ષમ અધિકારી /સંસ્થાએ કરવાનું રહેશે. તેમજ તા.૭/૫/૦૨ ના હુકમ મુજબ સોઈલ ટેસ્ટીંગ કરાવ્યા બાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે તેમજ બાંધકામ કરવાનું રહેશે. તથા તે પૈકીની કોઈપણ શરતોનો ભંગ થયે આ મંજુરીની ભલામણ રદ થવાની રહેશે. ઉપરોક્ત હુકમો ધ્યાને લઈ બિનખેતી અંગેની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૪. અંધ અને અશક્ત તેમજ શારીરીક વિકલાંગો માટેનાં સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક :પરચ/૧૦૨૦૦૦/લ તા.૨૨/૬/૨૦૦૪ ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૫. મંજુરીની ભલામણ માલિકીની કુલ જમીન ૭૫૮૮-૦૦ ચો.મી. પૈકી રજૂ થયેલ ૭૫૮૮-૦૦ ચો.મી. જમીનના લે-આઉટ પ્લાન માટે કરવામાં આવે છે.

૧૬. રજુ કરેલ માલિકીના આધાર પુરાવા ૭/૧૨, માં રે.સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ.૩ દર્શાવેલ છે. જયારે હિસ્સા ફોર્મમાં રે.સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ. માપણીશીટમાં રે.સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ. દર્શાવેલ છે. જેથી રે.સ.નં.ની ખરાઈ સક્ષમ અધિકારીશ્રી દવારા કરાવી લેવાની રહેશે. તેમજ માપણીશીટ તથા હિસ્સા ફોર્મ અલગ અલગ રજૂ કરેલ છે જે અન્વયે સક્ષમ અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

૧૭. રજૂ કરેલ માલિકીના આધાર પુરાવા તથા અન્ય સાધનીક કાગળોની સત્યતા અંગેની તમામ જવાબદારી જમીન માલિકીની રહે છે અને રજૂ કરેલ લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ તમામ વિગતોની સત્યતા અંગે જમીન માલિક /આર્કીટેકટ/એન્જીનીયરશ્રીની જવાબદારી રહેશે.

૧૮. સવાલવાળી જમીનની લાગુમાં અન્ય જમીનો બીનખેતી થયેલ હોય તેના લાગુ રસ્તા સ્થળે મેળવી લેવાની જવાબદારી જમીન માલિકની રહેશે.

૧૯. વરસાદી પાણીના ભુતળ સંગ્રહની વ્યવસ્થા માટે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંકઃપરચ/૧૦૨૦/૦૪/૧૯૬૧/લ તા.૨૭/૭/૦૪ મુજબ બાંધકામની પરવાનગી વેતી વખતે ઉપરોક્ત જોગવાઈ રાખવાની રહેશે. તેમજ સરકારશ્રીના વખતો-વખતના આદેશ અનુસાર ટ્રી પ્લાન્ટેશન અને પરકોલેટીંગ વેલનું આયોજન કરવાનું રહેશે.

૨૦. અગ્નિ શામક તજજ્ઞ/ સક્ષમ અધિકારીશ્રીના અભિપ્રાય મુજબ અધ્યતન અગ્નિશામક વ્યવસ્થા કાયમી ધોરણે સ્થાપી, કાયમી કાર્યરત રહે તેમ જાળવણી તેમજ નિભાવણી કરવાની અંગત જવાબદારી નિભાવવાની રહેશે. જે બાબતે સક્ષમ અધિકારીશ્રી પાસે ચકાસણી/ખાત્રી કરાવી લેવાની રહેશે.

૨૧. સુચિત આયોજન હેઠળની મીલ્કત અન્વયે કોઈપણ કાયદા હેઠળ વાદ/વિવાદ કોર્ટ મેટરના કિસ્સામાં જે નિકાલ/નિર્ણય હશે તે અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

૨૨. પ્રશ્નવાળી જમીનના ૭/૧૨ મુજબના ક્ષેત્રફળ/ટીપ્પણ/માપણીશીટ મુજબની હદોના માપોની ખરાઈ સક્ષમ અધિકારીશ્રી દ્વારા કરી લેવાની રહેશે.

Scanned by CamScanner

પ્રકરણે સામેલ લે–આઉટ પ્લાન, કિ–પ્લાન સવાલવાળી જમીનને કાયદેસરનો પ્રવેશ સવાલવાળી જમીનથી પુર્વે લાગુ ૩૦.૦૦ મીટર પહોળા બ્રોડ લે–આઉટ પ્લાનનો હયાત જુનાગઢ થી વેરાવળ જતા રસ્તા પરથી મળતો દર્શાવેલ છે. આથી રસ્તાની અધિકૃતતા, હયાતી, અધિકૃતતા, પહોળાઈ, બાંધકામ રેખા, નિયંત્રણ રેખા બાબતે સક્ષમ સત્તાધિકારીશ્રીએ ખરાઈ કરાવી લેવાની રહેશે. તેમજ એન.ઓ.સી. મેળવી તે મુજબ વિકાસ/બાંધકામ કરવાનો રહેશે.

૨૪. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૨/૧૦/૧૭ના જાહેરનામા નં.જીએચ/વિ/૬૯ ઓફ ૨૦૧૭/ઈડીબી–૧૦૨૦૧૬–૩૬૨૯–એલ થી મંજુર થયેલ કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. તેમજ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક ઈ.ડી.બી.–૧૦૨૦૧૬–૩૬૨૯–લ તા.૩૧/૩/૨૦૧૮ થી થયેલ ફેરફાર મુજબની જોગવાઈ મુજબ સવાલવાળી જમીનના લે–આઉટ પ્લાનમાં આયોજન કરાયેલ ૧૨.૦૦ મીટર પહોળાઈના ક્રોસ ઓવર રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટેના કોન્ટ્રીબ્યુશન માટેની જમીનનો ભાગ હોય, સદર રોડનો પબ્લીક રોડ તરીકે ઉપયોગ કરવાનો/ખુલ્લો રાખવાનો રહેશે. સદર રોડ વેચાણ/તબદીલ/બંધ કરી શકાશે નહી. જે બાબતે અરજદારશ્રી દવારા તા.૨૩/૪/૨૦૧૮નું સોગંદનામુ રજુ કરેલ છે. તે બાબતેનો અરજદારશ્રી દવારા અમલ કરવાનો રહેશે. જે અરજદારશ્રીને બંધકનકર્તા રહેશે.

૨૫. પ્રકરણે રજુ માલીકીના આધાર પુરાવા ગામ નમુના નં.૭/૧૨ ના બીજા હકકો અને બોજાની વિગતોમાં અન્ય હકકો આવેલ હોય તો તે જાળવવાના રહેશે. તથા સક્ષમ અધિકારીશ્રીએ ખરાઈ કરાવી લેવાની રહેશે.

૨૬. ઉપરોકત શરતો પૈકી એકપણ શરતનો ભંગ થયે આ લે–આઉટ પ્લાન આપોઆપ રદ ગણાશે.

(૨) <u>અત્રેની કચેરીની જમીન–૩ શાખા</u>

વંચાણે લીધા ક્રમ–૫ ઉપરના તા.૧૦/૫/૨૦૧૮ના પત્રથી જણાવેલ વિગતે અરજદારશ્રીની માંગણીવાળી જમીનની તેઓની શાખાના રેકર્ડ ઉપરથી ખરાઈ કરતા સદરહુ જમીન અંગે હાલ કોઈ અપીલ કે રીવીઝન ચાલુમાં ન હોવાનું જણાવેલ છે.

(૩) <u>નાયબ કલેકટરશ્રી, વેરાવળ</u>

વંચાણે લીધા ક્રમ–૬ ઉપરના તા.૧૭/૫/૨૦૧૮ના પત્રથી પ્રશ્ન હેઠળની જમીનની જમીન સંપાદન અંગેની કોઈ કાર્યવાહી તેઓની કચેરીમાં ચાલુમાં ન હોવાનું જણાવેલ છે.

(૪) <u>મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત ગીર સોમનાથ</u>

વંચાણે લીધા ક્રમ–૭ ઉપરના તા.૨૧/૫/૨૦૧૮ના પત્રથી સવાલવાળી જમીનને રહેણાંકના હેતુસર બિનખેતીમાં ફેરવવા અંગે આરોગ્યની દ્રષ્ટિએ અભિપ્રાય આપેલ છે.

(૫) <u>નાયબ ઈજનેરશ્રી, શહેર પેટા વિભાગીય કચેરી, પી.જી.વી.સી.એલ.,વેરાવળ</u>

વંચાણે લીધા ક્રમ–૮ ઉપરના તા.૨૫/૫/૨૦૧૮ના પત્રની વિગતે લે–આઉટ પ્લાન મુજબના વિસ્તારમાં પી.જી.વી.સી.એલ. શહેર પેટા વિભાગની એલટી/એચટી લાઈન હાલ સ્થળ પર હયાત ન હોવાનું જણાવેલ છે.

(૬) <u>ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટરશ્રી લેન્ડ રેકર્ડઝ, ગીર સોમનાથ</u>

વંચાણે લીધા ક્રમ–૯ ઉપરના તા.૨૮/૫/૨૦૧૮ના પત્રની વિગતે રજુ થયેલ પ્લાન હેડ કવાર્ટર આસિસ્ટન્ટશ્રીની રેકર્ડ ખરાઈ કર્યાની નોંધ મુજબ ટીપ્પણ, માપણીશીટ તથા હિસ્સાફોર્મ સાથે સુસંગત હોય જમીનને રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવા માટે પ્લોટ વેરીફીકેશન ફી ની રકમ રૂા.૯૩૦૦/– ભરી માપણી કરાવવાની શરતે બિનખેતી થવા અંગેનો તાંત્રીક અભિપ્રાય આપેલ છે.

(૭) <u>પ્રાદેશીક મેનેજરશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, જનાગઢ</u>

વંચાણે લીધા ક્રમ–૧૦ ઉપરના તા.૧/૬/૨૦૧૮ના પત્રથી સદર જમીનને નિયમોનુસાર બિનખેતી પરવાનગી આપવામાં આવે તો નિગમને કોઈ હરકત સરખુ ન હોવાનું જણાવેલ છે. તથા આ મંજુરીથી અરજદારને પી.જી.વી.સી.એલ. તથા અન્ય કોઈ વિદ્યુત ઉત્પાદક સંસ્થા પાસેથી જી.આઈ.ડી.સી.ની કોઈપણ વસાહતા સબ–સ્ટેશન અથવા વસાહતને વીજ પુરવઠો પુરો પાડતી વિજરેખા ફિડરમાંથી વીજળી જોડાણ મેળવવાનો હોઈ હકક પ્રાપ્ત થતો ન હોવાનું જણાવેલ છે.

(૮) <u>ચીફ ઓફીસરશ્રી, વેરાવળ–પાટણ સંયુકત નગરપાલિકા</u>

વંચાણે લીધા ક્રમ–૧૧ ઉપરના તા.૧/૬/૨૦૧૮ના પત્રથી જણાવેલ વિગતે સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ.૩ ની જમીન ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા નં.કેવી ૨૦૦ ઓફ ૨૦૧૫–એનપીએલ–૧૧૨૦૧૪–૫૯૫/એમ. તા.૧૯/૫/૨૦૧૫ થી નગરપાલિકાની નવી હદમાં સમાવેશ થયેલ છે. વેરાવળ–પાટણ સંયુકત નગરપાલિકાની વિકાસ યોજનામાં

Scanned by CamScanner

સદર રે.સર્વે નંબરનો સમાવેશ થતો નથી અને હાલમાં આ જમીનમાં વિકાસ યોજના અમલમાં કે અસ્તિત્વમાં ન હોય આ જમીન અંગે કોઈ ઝોન સુનિશ્ચીત થયેલ નથી. નગરપાલીકાની નવી વિસ્તારમાં વિકાસ નકશો તૈયાર થયેલ ન હોય જે બાબત ધ્યાને લઈ તેમજ અરજદારે રજુ કરેલ તા.૩૧/૫/૨૦૧૮ના સોગંદનામા અનુસાર ભવિષ્યમાં નગરપાલિકાના વિકાસ પ્લાન વખતે રોડ એલાયમેન્ટના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે બાબત પણ ધ્યાને લેતા ભવિષ્યમાં ડેવલોપમેન્ટ પ્લાન તથા ટાઉન પ્લાનીગ સ્કીમ નકકી કરતી વખતે રોડ એલાયમેન્ટ માટે વિના વિરોધ અને વિના વળતરે ખુલ્લી કરવાની જમીન નગરપાલિકાના રોડ રસ્તા કે રીઝર્વેશન વિગતે માટે ફાળવવાની રહેશે તેવી શરતે તેમજ નીચેની શરતોને આધિન રહી બીનખેતી ઉપયોગ કરવા પરવાનગી આપવા અભિપ્રાય થાય છે.

(૧) સરકારશ્રીના ધારા ધોરણ મુજબનો ડેવલપમેન્ટ ચાર્જ ભરવાનો રહેશે.

(૨) નગર નિયોજકશ્રી, જુનાગઢ તરફથી સુચિત લે-આઉટ પ્લાન તેમના પત્ર નં.ડેવ/પાટણ વેરાવળ/વેરાવળ/૮૮૮ તા.૨૫/૪/૨૦૧૮ થી મંજુર કરવા ભલામણ થયેલ છે તેની શરતોનું પાલન કરવાનું રહેશે તથા તથા બિનખેતીનો હુકમ થયા બાદ વિકાસ કરવાનો રહેશે.

(૩) સદરહુ સુચિત બિનખેતી લે-આઉટ પ્લાનના પ્લોટોમાં બાંધકામ કરતા પહેલા નગરપાલિકાની ધોરણસરની બાંધકામ પરવાનગી મેળવવાની રહેશે.

(૪) સુચિત લે-આઉટના રસ્તાઓ તથા રસ્તાઓમાં સ્ટ્રીટ લાઈટો તેમજ વરસાદી તથા ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા તેમજ પીવાના પાણીની પાઈપ લાઈનની વ્યવસ્થા પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૫) અરજદારે રજુ કરેલ તા.૩૧/૫/૨૦૧૮ના નોટરાઈઝ સોગંદનામા અનુસાર અરજદારે વર્તવાનુ રહેશે.

(૯) <u>નાયબ કલેકટરશ્રી, જમીન સંપાદન અને પુનઃવસવાટ (સિંચાઈ), જનાગઢ</u>

વંચાણે લીધા ક્રમ-૧૨ ઉપરના તા.૬/૬/૨૦૧૮ના પત્રથી જણાવેલ વિગતે સદરહુ ખેતીની જમીન માટે હાલમાં સિંચાઈ યોજનાના કામે સંપાદનની કાર્યવાહી તેઓની કચેરીમાં ચાલતી ન હોય જે હકીકત ધ્યાને લઈ આ જમીન બિનખેતીના હેતુ માટે હેતુફેર કરવા અંગે આગળની કાર્યવાહી કરવામાં આવે તો હરકત સરખુ ન હોવાનું જણાવેલ છે.

(૧૦) <u>કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,ગીર સોમનાથ</u>

વંચાણે લીધા ક્રમ-૧૩ ઉપરના તા.૬/૬/૨૦૧૮ના પત્રથી જણાવેલ વિગતે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ વેરાવળ દ્વારા સ્થળ ખરાઈ કરી અભિપ્રાય થઈ આવેલ છે. જે નિચેની વિગતે લે-આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ રહેણાંક હેતુ માટે જ અભિપ્રાય આપવામાં આવે છે અન્ય હેતુ માટે શરતભંગ ગણાશે.

(૧) અરજદારની માંગણીનું સ્થળ કોસ્ટલ હાઈવે વેરાવળ રોડ (સીએચ) ના કી.મી. ૧૮૩/૬ થી ૧૮૩/૮ વચ્ચે રોડની ડાબી બાજુએ આવેલ છે.

(૨) અરજદારની માંગણીનો હેતુ રહેણાંક હેતુ માટે બિનખેતીમાં ફેરવાનો હોય મહેસુલ વિભાગના ઠરાવ નં.જપવ/૧૦૭૯/૨૦૬૪/ક તા.૧૭/૭/૮૦ની જોગવાઈ અન્વયે રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ રેખા ૨૪.૦૦ મીટર દુર થતી હોય, અરજદાર દવારા રજુ કરવામાં આવેલ નકશામાં તે મુજબ સુચવેલ હોય રીબન ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ થતો ન હોય અત્રેને હરકત સરખુ નથી.

(૩) બિનખેતી થયા બાદ આ જમીન ઉપર રહેણાંક હેતુ માટેનું બાંધકામ શરૂ કરતા પહેલા પ.વ.ડી. ખાતા પાસે વિગતવાર નકશા રજુ કરી મંજુરી મેળવીને જ બાંધકામ શરૂ કરી શકાશે. આ મંજુરી ઉપરાંત બાંધકામ માટે સ્થાનીક સંસ્થા પાસેથી પણ અલાયદી મંજુરી પણ મેળવવાની રહેશે. પ્રવેશ માર્ગ તથા કમ્પાઉન્ડ વોલના બાંધકામ માટે પણ આ ખાતાની પૂર્વ મંજુરી મેળવીને જ બાંધકામ કરી શકાશે.

(૪) આ અભિપ્રાય રહેણાંકના હેતુ માટે જ આપવામાં આવેલ હોય અન્ય હેતુ માટે આ જમીનનો ઉપયોગ કરી શકાશે નહી.

(૫) પ.વ.ડી.ની હદમાં આવતા વૃક્ષો યથાવત રાખવાના રહેશે.

(૬) સરકારશ્રીના રીબન ડેવલોપમેન્ટના હયાત અને વખતો વખતના નિયમો અરજદારને બંધનકર્તા રહેશે.

(૭) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૮૧/૬૧૨/ક તા.૨૫/૩/૮૧ના પાના-૧૪ ની વિગતે ખાતેદારશ્રીએ રૂા.૧૦૦૦/- કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, ગીર

Scanned by CamScanner

હે.૦–૨૬–૦૪ ચો.મી. તથા સ.નં.૧૪૦૬ ની જમીન હે.૧–૦૦–૧૬ ચો.મી. નું એકત્રીકરણ કરી, નવા સ.નં.૧૪૦૪/૧ની હે.૨–૦૭–૪૨ ચો.મી. કરવાનો હુકમ કરવામાં આવેલ, જેની હકકપત્રકે નોંધ નં.૩૨૨૩૨, તા.૧૪/૧૧/૨૦૧૭ થી દાખલ થયેલ, ત્યારબાદ ભાયોભાગની વહેંચણી થતાં, કોળી ભીખાભાઈ નારણભાઈ બારીયાના ભાગે સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ. ની હે.૦–૭૫–૮૮ ચો.મી. આવેલ, જેની હકકપત્રકે નોંધ નં.૩૨૪૧૮, તા.૧૨/૦૧/૧૮ થી દાખલ થતાં અને તા.૨૨/૦૨/૧૮ ના રોજ પ્રમાણિત થતાં, સવાલવાળી જમીન અરજદારશ્રીના સ્વતંત્ર નામે આવેલ છે. આમ ઉકત વિગતે ટાઈટલ પત્રકની પ્રમાણિત થયેલ નોંધોની વિગતે ટાઈટલ મળી રહે છે.

(૩) સવાલવાળી જમીન ઉપર હાલના ૭/૧૨ તથા હકકપત્રક નોંધોની વિગતે સરકારી કે અર્ધ સરકારી લ્હેણું બાકી નથી.

(૪) સવાલવાળી જમીન શહેરી જમીન ટોચમર્યાદા ધારા તળે સંપ્રાપ્ત થયેલ નથી. તેમજ ટોચ મર્યાદા ધારો લાગુ પડતો નથી.

(૫) સવાલવાળી જમીન જુની શરતની છે. કોઈ પ્રતિબંધિત સત્તાપ્રકારની નથી.

(૬) માંગણીવાળી જમીન હિજરતી હોવા અંગે રેકર્ડમાં કોઈ નોંધ થયેલ નથી કે હિજરતી જમીન અંગેની કોઈ કાર્યવાહીચાલુ નથી. કબુલાત–સોગંદનામું–પંચરોજકામ રજૂ છે.

(૭) અરજદારો આ જમીન વારસાઈથી ધારણ કરે છે. આ જમીન સિવાય અરજદારશ્રી બીજી કોઈ જમીન ધરાવતા નથી. ખાતેદાર મટી જાય છે. જે અંગેનું સોગંદનામું રજૂ છે.

(૮) અરજદાર આ જમીન વારસાઈથી ધારણ કરે છે. ખાતેદારના સ્ટેટનું ટાઈટલ પત્રક સામેલ રાખેલ છે.

(૯) તપાસણી અધિકારીના અહેવાલની વિગતે સવાલવાળી જમીનમાં હદ નિશાન બરોબર મળી રહે છે કોઈ પેશકદમી આ જમીનમાં થયેલ હોવાનું જણાતું નથી. તેમજ સવાલવાળી જમીનમાં હાલ આશરે–૧૫૫ જેટલી નાળીયેરીઓ આવેલ છે. તેમજ સવાલવાળી જમીનમાં રહેણાંક તથા ખેતીના ઓજાર માટેનું એક મકાન આવેલ છે, જેની સવાલવાળી જમીનના ૭/૧૨ ના બીજા હકકમાં નોંધ થયેલ છે. સવાલવાળી જમીનમાં કોઈ ખોદકામ થયેલ નથી, હાલ જમીનનો ખેતી હેતુ માટે જ ઉપયોગ થાય છે. સવાલવાળી જમીનમાં રહેણાંક તથા ખેતીના ઓજાર રાખવા માટેનું એક મકાન આવેલ છે, જે લે–આઉટ પ્લાનમાં દર્શાવવામાં આવેલ છે. અરજદારશ્રીએ સીટી તલાટી, તથા સર્કલ ઓફિસરશ્રી, વેરાવળ રૂબરૂ તા.૧૫/૦૫/૧૮ ના રોજ કબુલાતની વિગતે સવાલવાળી જમીન બિનખેતી થતાં, સવાલવાળી જમીનમાં આવેલ નાળીયેરીના વૃક્ષો દુર કરશે તેમજ મકાન દુર કરશે તેમજ સવાલવાળી જમીનમાં આવેલ કુવો બુરી જમીનને સમતળ કરવાની કબુલાત આપેલ છે. જે પ્રકરણે સામેલ છે.

(૧૦) સવાલવાળી જમીનની પૂર્વ દિશાએથી વેરાવળ જુનાગઢ જતાં સ્ટેટ હાઈવે પરથી પ્રવેશ મળી રહે છે. તેમજ નિયમોનુસાર નગર નિયોજકશ્રી, જૂનાગઢએ આ જમીનનો લે–આઉટ પ્લાન મંજૂર કરેલ છે.

(૧૧) સવાલવાળી જમીનની પૂર્વ દિશાએથી વેરાવળ જુનાગઢ જતાં સ્ટેટ હાઈવે પસાર થાય છે. સવાલવાળી જમીનનો લે–આઉટ પ્લાન નગર નિયોજકશ્રી, જૂનાગઢએ મંજુર કરેલ છે. જે પ્રકરણે સામેલ છે.

(૧૨) સવાલવાળી જમીનના માલિકીપણા બાબતે હાલ કોઈ કેસ–વિવાદ, અપીલના મુદ્દે કોઈ કાર્યવાહી ચાલુ હોવાનું જણાતુ નથી. જે સોગંદનામું તથા કબુલાત રજૂ છે.

(૧૩) સવાલવાળી જમીન અમલી વિકાસ/નગર રચના યોજનામાં સમાવિષ્ટ નથી. નગર નિયોજકશ્રી, જૂનાગઢ નો ભલામણ પત્ર પ્રકરણે રજૂ છે.

(૧૪) ટીપ્પણ પ્રમાણે નકશો બરોબર હોવાની ખાત્રી ડી.આઈ.એલ.આર.શ્રીએ કરવાની રહે છે. સાર્વજનિક પ્લોટ રાખેલ છે. તથા રસ્તા નિયમ મુજબ છોડેલ છે તેમજ હદ મળી રહે છે.

(૧૫) સવાલવાળી જમીનના ગા.ન.નં.૧ ની નકલ સાથે પોત સર્વે નંબરોનું મેળવણું કરી, મેળવણું પત્રક તૈયાર કરી આ સાથે સામેલ રાખેલ છે. મેળવણું પત્રક ગા.ન.નં.૧ ના ક્ષેત્રફળ સાથે પોત સર્વે નંબરોનાં ક્ષેત્રફળોનું મેળવણું કરતાં મળી રહે છે.

(૧૬) સવાલવાળી જમીનમાં પ્રવેશ સવાલવાળી જમીનની પૂર્વ દિશાએ વેરાવળ–જૂનાગઢ હાઈવે પરથી હયાત પ્રવેશ મળી રહે છે. જે અંગે નગર નિયોજકશ્રી, જૂનાગઢએ મંજુર કરેલ નકશાની નકલ સાથે રસ્તાનું મેળવણું કરી, ફેરણી અધિકારીએ ખાત્રી કરેલ છે, એ રીતે રજૂ થયેલ લે–આઉટ પ્લાન મુજબ ક્ષેત્રફળ મળી રહે છે.

(૧૭) સવાલવાળી જમીનની આજુબાજુના વિસ્તારમાં આ જમીન બિનખેતી થતાં કોઈ વાંધો હરકત થશે નહી. જે બાબતેનું રોજકામ, કબુલાત પ્રકરણે સામેલ છે.

(૧૮) સવાલવાળી જમીનમાંથી ઈલેકટ્રીક લાઈન, રેલ્વે લાઈન, ટેલીફોન લાઈન પસાર થતી નથી.

Scanned by CamScanner

સવાલવાળી જમીનમાં [illegible]

સવાલવાળી જમીનમાં રક્ષિત સ્મારક, અનામત જંગલ આવેલ નથી. વન્ય પ્રાણી અભ્યારણ્ય આશરે ૭૨–કિ.મી. દુર આવેલ છે.

(૨૧) સવાલવાળી જમીનની આજુબાજુ સિંચાઈની કોઈ જ કેનાલો પસાર થતી નથી.

(૨૨) [illegible]વાળી જમીનમાંથી ગેસ પાઈપ લાઈન કે પાણીની લાઈન પસાર થતી નથી.

(૨૩) [illegible]વાળી જમીનની આજુબાજુમાંથી રેલ્વે લાઈન પસાર થતી નથી.

(૨૪) [illegible]વાળી જમીનની સ્થળ–સ્થિતિ અંગેની સંપૂર્ણ વિગતો દર્શાવતું તલાટીશ્રી, વેરાવળ તથા સ.ઓ.શ્રી, વેરાવળ રૂબરૂનું પંચરોજકામ પ્રકરણે રજુ છે.

(૨૫) [illegible] મેપની નકલ સામેલ રાખેલ છે. લે–આઉટ પ્લાન નગર નિયોજકશ્રી, જુનાગઢએ મંજુર કરેલ છે.

(૨૬) સરકારશ્રીના તા.૦૧/૦૭/૦૮ ની જોગવાઈની શરતો મુજબ સ.ઓ., તલાટી રૂબરૂ કબુલાત મેળવી સામેલ રાખેલ છે.

(૨૭) સવાલવાળી જમીનમાંથી / આજુમાંથી પાણીનું વહેણ પસાર થતુ નથી.

(૨૮) સવાલવાળી જમીન નદી કિનારાની કે નદીના ડુબમાં જતા વિસ્તારમાં આવેલ નથી.

(૨૯) વરસાદી પાણીને સંગ્રહ કરવા ભુગર્ભ ટાંકો બનાવવાનું રહેશે. જે મતલબનું સોગંદનામું / કબુલાત રૂ.૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર અરજદાર પાસેથી મેળવી સામેલ રાખેલ છે.

(૩૦) જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ બીનખેતી પરવાનગી આપવા અંગે નમુના–૭ નું ચેકલીસ્ટ ક્રમ નં.૧ થી ૩૬ ના કોલમમાં ભરી સામેલ રાખેલ છે તેમજ ચેકલીસ્ટમાં સહી તથા લે–આઉટ પ્લાનમાં સહી કરી આપેલ છે.

(૩૧) પ્રશ્ન હેઠળની જમીન સંપાદન અંગેની તેમજ નેશનલ હાઈવેના કામે હાલમાં ચાલુ નથી.

ઉક્ત વિગતો રજુ કરી સવાલવાળી જમીનને રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવવા નાયબ કલેકટરશ્રી વેરાવળ દવારા હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે જુદા–જુદા વિભાગ/કચેરીઓ તથા મામલતદારશ્રી અને નાયબ કલેકટરશ્રી વેરાવળ તરફથી સવાલવાળી જમીનને રહેણાંક હેતુ માટે બીનખેતીમાં ફેરવવા હકારાત્મક અભિપ્રાય/અહેવાલ થઈ આવેલ હોય અરજદારની માંગણી મુજબ સવાલવાળી જમીન રહેણાંકના હેતુ માટે બિનખેતી ઉપયોગ કરવા પરવાનગી આપવા હરકત સરખુ જણાતું ન હોઈ વંચાણે લીધા ક્રમ–૧૭ ઉપરના આ કચેરીના તા.૨૧/૬/૨૦૧૮ના પત્રથી સવાલવાળી જમીનનો રહેણાંક વિષયક હેતુ માટે રૂપાંતર કર પ્રતિ ચો.મી.ના રૂા.૧૦–૦૦ પૈસા મુજબ કુલ જમીન ચો.મી.૭૫૮૮–૦૦ ની બિનખેતી રૂપાંતર કરની કુલ રકમ રૂા.૭૫,૮૮૦/– અંકે રૂપિયા પંચ્યોતેર હજાર આઠસો એંસી પુરા તથા માપણી ફીની રકમ રૂા.૯,૩૦૦/– અંકે રૂપિયા નવ હજાર ત્રણસો પુરા નિયત સદરે નિયત ચલણથી ભારતીય સ્ટેટ બેન્ક, વેરાવળ શાખામાં જમા કરાવીને તથા ચાલુ મહેસુલી વર્ષ ૨૦૧૭–૧૮ ના વર્ષનો રહેણાંક હેતુ માટે પ્રતિ ચો.મી.ના ૦–૨૫ પૈસા મુજબ કુલ ચો.મી.૭૫૮૮–૦૦ નો બિનખેતી આકાર રૂા.૧,૮૯૭–૦૦ અંકે રૂપિયા એક હજાર આઠસો સતાણુ પૂરા, લોકલ ફંડ રૂા.૮૪૯–૦૦ અંકે રૂપિયા આઠસો ઓગણપચાસ પુરા તથા શિક્ષણ ઉપકર રૂા.૪૭૫–૦૦ અંકે રૂપિયા ચારસો પંચ્યોતેર પુરા સીટી તલાટીશ્રી, વેરાવળની કચેરીમાં ભરપાઈ કરી તથા રૂા.૧૦૦૦/– કાર્યપાલક ઈજનેરશ્રી મા.મ. વિભાગ, ગીર સોમનાથને અનામત પેટે જમા કરી મામલતદારશ્રી, વેરાવળ મારફતે રકમ ભરપાઈ થયાના આધારો રજુ કરવા અરજદારને જણાવતા, મામલતદારશ્રી વેરાવળના વંચાણે લીધા ક્રમ–૧૮ ઉપરનાં તા.૨૨/૭/૨૦૧૮નાં પત્રથી આ કામનાં અરજદારે રૂપાંતર કરની રકમ રૂા.૭૫,૮૦૦/–અંકે રૂપિયા પંચ્યોતેર હજાર આઠસો પુરા ચલણ નં.૩૪ તા.૨૫/૬/૨૦૧૮ તથા રૂા.૮૦/– અંકે રૂપિયા એંસી પુરા ચલણ નં.૪૫ તા.૧૧/૭/૨૦૧૮ મળી કુલ રૂા.૭૫,૮૮૦/– અંકે રૂપિયા પંચ્યોતેર હજાર આઠસો એંસી પુરા તથા માપણી ફી ની રકમ રૂા.૯,૩૦૦/– અંકે રૂપિયા નવ હજાર ત્રણસો પુરા ચલણ નં.૩૩ તા.૨૫/૬/૨૦૧૮થી તથા રૂા.૧૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પૂરા ચલણ નં.૩૨ તા.૨૫/૬/૨૦૧૮થી સરકારશ્રીમાં ભરપાઈ કરેલ હોવાનું જણાવી ચલણ અસલમાં રજુ કરતા તેમજ મહેસુલી વર્ષ–૨૦૧૭–૧૮ ના વર્ષનો બિનખેતી આકાર રૂા.૧,૮૯૭–૦૦ અંકે રૂપિયા એક હજાર આઠસો સતાણુ પૂરા તથા લોકલ ફંડ રૂા.૮૪૯–૦૦ અંકે રૂપિયા આઠસો ઓગણપચાસ પુરા મળી કુલ રૂા.૨,૭૪૬/– અંકે રૂપિયા બે હજાર સાતસો છેતાલીસ પુરા પહોંચ નં.૬૭ તા.૨૫/૬/૨૦૧૮ તથા શિક્ષણ ઉપકર રૂા.૪૭૫–૦૦ અંકે રૂપિયા ચારસો પંચ્યોતેર પુરા પહોંચ નં.૧૨ તા.૨૫/૬/૨૦૧૮થી સીટી તલાટીશ્રી વેરાવળની કચેરીમાં જમા કરાવેલ હોવાનું અને જણાવી આધારો રજુ થયેલ છે. તથા વંચાણે લીધા ક્રમ–૧૯ ઉપરની અરજદારશ્રીની તા.૨૪/૭/૨૦૧૮ની અરજીની વિગતે તેઓએ રૂા.૧૦૦૦/– પહોંચ નં.૮૧૬ તા.૨૪/૭/૨૦૧૮ થી કાર્યપાલક ઈજનેરશ્રી મા.મ. વિભાગ, ગીર સોમનાથની કચેરીમાં ભરપાઈ કરેલ છે જે અસલમાં રજુ કરેલ છે.

Scanned by CamScanner

સબબ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા વિસ્તારમાં આવેલ મોજે વેરાવળ શહેરના સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ.૩ ની જમીન હે.૦૦-૭૫-૮૯ ચો.મી. જમીનના કબ્જેદાર શ્રી કોળી ભીખાભાઈ નારણભાઈને સવાલવાળી જમીનનો સંલગ્ન ખાતા કમીટીના અભિપ્રાયમાં જણાવેલ શરતોએ તેમજ આ હુકમ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શરતોને આધિન તથા પ્રતિ વર્ષ નિયમિત રીતે બિનખેતી આકાર તથા સંલગ્ન ચેઈનો ભરપાઈ કરવાની શરતે જમીન મહેસુલ અધિનિયમની કલમ-૬૫(૧) તળે રહેણાંકના હેતુ માટે નીચેની વિગતે બીનખેતી ઉપયોગ કરવા પરવાનગી આપવા તથા નગર નિયોજકશ્રી જુનાગઢ તરફથી ભલામણ કરેલ લે-આઉટ પ્લાન મંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

(૧)	બિનખેતી જમીનનું કુલ ક્ષેત્રફળ	ચો.મી.૭૫૮૯.૦૦
(૨)	સાર્વજનિક પ્લોટનું ક્ષેત્રફળ	ચો.મી.૭૬૯.૮૩
(૩)	પ્લોટોનું કુલ ક્ષેત્રફળ	ચો.મી.૪૫૦૫.૦૪
(૪)	બાંધકામનું ક્ષેત્રફળ	ચો.મી.૧૮૪૬.૩૯
(૫)	આંતરિક રસ્તાનું ક્ષેત્રફળ	ચો.મી.૨૩૧૪.૧૩

અપીલનો સમય-ગાળો પૂરો થયે સનંદ નમુના " એમ" માં તૈયાર કરી મામલતદારશ્રીએ અત્રેને મોકલાવી આપવી.

મામલતદારશ્રીએ ગામ તથા તાલુકા દફતરે આ હુકમની મહેસુલ તપાસણી કમિશનરશ્રી,ગાંધીનગરનાપત્ર ક્રમાંક : મતક-વહટ-વશી-૧૩૯૪-૨૦૧૧ તા.૧૨/૦૯/૨૦૧૧ ની સુચના મુજબ નિયત નમુનામાં વિગતો ભરી હકક પત્રક નોંધની પ્રમાણીત નકલ તથા ૭/૧૨, ૮-અ ની નકલો સાથે અહેવાલ મોકલી આપવો.

રવાના કર્યું
મામલતદાર-૨
કલેકટર કચેરી, ગીર સોમનાથ જિલ્લો
વેરાવળ

કલેકટર કચેરી
ગીર સોમનાથ જિલ્લો

સહી/-
(અજય પ્રકાશ)
કલેકટર
ગીર સોમનાથ જિલ્લો
વેરાવળ

પ્રતિ,
શ્રી કોળી ભીખાભાઈ નારણભાઈ
C/O.ભાવેશભાઈ ચંદુભાઈ ઠકરાર
વિનાયક પ્લાઝા-૧, ગ્રાઉન્ડ ફલોર દુકાન નં.૧
મુ.વેરાવળ......... મંજુર કરેલ લે-આઉટ પ્લાન સાથે

<u>નકલ રવાના</u>

(૧) નાયબ કલેકટરશ્રી, વેરાવળ- જાણ અર્થે
(૨) મામલતદારશ્રી, વેરાવળ -(પ્લાનની નકલ તથા કામના અસલ કાગળો સાથે)
(૩) ડીસ્ટ્રકટ ઈન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડઝ,ગીર સોમનાથ (પ્લાનની નકલ સાથે)
(૪) નગર નિયોજકશ્રી, જુનાગઢ (પ્લાનની નકલ સાથે) - જાણ અર્થે
(૫) ચીફ ઓફીસરશ્રી વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા (પ્લાનની નકલ સાથે)

<u>નકલ</u>

(૧) નાયબ મામલતદારશ્રી, ઈ-ધરા કેન્દ્ર, મામલતદાર કચેરી, વેરાવળ
- સદરહુ હુકમની દાખલ થયેલ નોંધમાં મહેસુલી તપાસણી કમીશનરશ્રી, ગાંધીનગરના તા.૧૨/૯/૨૦૧૧ ના પત્રથી થયેલ સુચના મુજબ વિગતો ભરી હકકપત્રક નોંધ તથા ૭/૧૨, ૮/અ ની નકલ અત્રે મોકલી આપવા સારૂ.
(૨) સીટી તલાટીશ્રી -મામલતદાર કચેરી વેરાવળ (પ્લાનની નકલ સાથે)- જાણ તથા યોગ્ય થવા અર્થે

Scanned by CamScanner

હુકમ નં.લેન્ડ/૧/સી/એન.એ.રજી.નં.૬/૨૦૧૭–૧૮

તા.૭–૮–૨૦૧૮ ના હુકમની શરતોનું પરિશિષ્ટ.

–ઃઃ પ રિ શિ ષ્ટ ઃઃ–

(૧) હુકમમાં જણાવ્યા પ્રમાણેની જમીનની રહેણાંક તા.૧/૮/૨૦૧૭ થી બિનખેતી આકાર રહેણાંક હેતુ માટે પ્રતિ ચો.મી.ના રૂ.૦–૨૫ પૈસા મુજબ કુલ ચો.મી.૭૫૮૮–૦૦ નો બિનખેતી આકાર રૂ.૧,૮૯૭–૦૦ અંકે રૂપિયા એક હજાર આઠસો સતાણુ પૂરા, લોકલ ફંડ રૂ.૮૪૯–૦૦ અંકે રૂપિયા નવસો ઓગણપચાસ પુરા તથા શિક્ષણ ઉપકર રૂ.૪૭૫–૦૦ અંકે રૂપિયા ચારસો પંચ્યોતેર પુરા સરકારશ્રીમાં ભરવાના રહેશે. આ પ્રમાણે બિનખેતી આકારના દરની ગેરન્ટી હાલ તુરત આપવામાં આવે છે. ત્યારબાદ સરકારશ્રી તરફથી જે વખતો વખત હુકમ મળે તે અનુસાર બીનખેતી આકારના દર અને ગેરંટી બાબતમાં અત્રેથી વખતો વખત હુકમ કરવામાં આવશે, અને અરજદારે તે પ્રમાણે બિનખેતી આકાર તેમજ આનુસાંગિક અન્ય લાગાલેત્રીઓ ભરવાના રહેશે.

(૨) અરજદારશ્રીએ ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડઝ મારફતે ૩ માસમાં માપણી કરાવી હદ–નિશાન ઉભા કરાવવા પડશે અને માપણી થયા પછી જમીનના ક્ષેત્રફળની વધ–ઘટ થશે તો તે મુજબ બિનખેતીનો આકાર તથા આનુસાંગિક અન્ય લાગા–લેત્રીઓ શરત નં.૧ માં જણાવેલ તારીખથી ભરવાનો રહેશે. ક્ષેત્રફળની વધ–ઘટના સુધારાનો હુકમ અત્રેથી કરવામાં આવશે, તે પ્રમાણે સનંદમાં હિસાબ નોંધ કરવામાં આવશે જે માપણી થયા પછી કોઈ સરકારી જમીનનું દબાણ જણાશે, તો તેને આ મંજૂરીની કોઈ અસર થશે નહી. અને તે બાબતે લેન્ડ રેવન્યુ કોડ અને રુલ્સ અનુસાર ધોરણસર કાર્યવાહી થઈ શકશે.

(૩) આ જમીન રહેણાંકના હેતુ માટે ઉપયોગ કરવાની છે. આ સિવાય કલેકટરશ્રીની પરવાનગી લીધા સિવાય કોઈ હેતુ માટે ઉપયોગ કરવાનો લે.રે. કોડ કલમ–૪૮(૪) નીચે મનાઈ કરવામાં આવે છે.

(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૩/૯/૯૩ના ઠરાવ ક્રમાંક બખપ/૧૦૯૩/૧૦૫૨/ક, અન્વયે અરજદારે સાર્વજનિક પ્લોટ તેમજ રસ્તાની જમીન અંગે નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. સહીયારા– કોમન પ્લોટ અને રસ્તાની જમીન, સોસાયટીની માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલીકીની ગણાશે. તે ઉપર મુળ માલીકનો કોઈ હકક રહેશે. નહી.

૨. બાંધકામના નિયમોની જોગવાઈ પ્રમાણે સોસાયટીના સહીયારા ઉપયોગ માટે કલબ, ઓફીસનું નામ, સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટ નં.૧/૬ ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડર ઈચ્છે તો મંજૂરી મેળવી તેમ કરી શકશે.

૩. ઉપર–૨ માં જણાવ્યા સિવાયના કોઈપણ હેતુ માટે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકશે નહી.

૪. રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે, તબદીલ થઈ શકશે નહી.

૫. સાર્વજનિક પ્લોટ રસ્તા સહીતની સમગ્ર , જમીનનો બીનખેતી આકાર પ્લોટ વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદારો અને પ્લોટો વેચાણ કર્યાથી તમામ પ્લોટ હોલ્ડરે પ્રમાણસર ભરવાનો રહેશે.

૬. કોમન પ્લોટ, રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે. તેમ છતાં રસ્તા અને કોમન પ્લોટનો ઉપયોગ તો સોસાયટીના રહીશોએ સહીયારો કરવાનો રહેશે.

(૫) મંજુર કરેલ લે–આઉટ પ્લાનમાં બતાવ્યા પ્રમાણે જમીન ઉપર બાંધકામ કરવાનું રહેશે. પ્લોટની બાકીની જમીન ખુલ્લી જગ્યા તરીકે મુકી દેવાની રહેશે. પ્લોટમાં જણાવ્યા પ્રમાણેના માર્જીન બાંધકામ કરતી વખતે રાખવાનાં રહેશે.

(૬) બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે, પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠી મેળવી શકાશે નહી.

//૨//

Scanned by CamScanner

(૭) અરજદારે રીબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારશ્રીની જવાબદારી રહેશે.
(૮) ગુજરાતના રેગ્યુલેશનની દરેક બાબતનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૯) આ પરવાનગીના હુકમની તારીખથી ૬–માસની અંદર બાંધકામ શરૂ કરવું પડશે, અને ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે. અરજદાર જો તેમ કરવામા નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતીનો આકાર શિક્ષા તરીકે તેની પાસેથી વસુલ કરવામાં આવશે, અને બીનખેતીની મંજુરી રદ કરી શકાશે.
(૧૦) બાંધકામ શરૂ કરવામાં આવે કે તુરત જ અરજદારે જમીનનો રહેણાંક હેતુ માટે ઉપયોગ કર્યાની તારીખથી લેખીત નિવેદનથી તલાટી મારફત મામલતદારશ્રીને એક માસની અંદર જણાવવાનું રહેશે, અરજદાર જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતી આકાર શિક્ષા તરીકે તેની પાસેથી વસુલ કરાવવામાં આવશે, અને બીનખેતીની મંજૂરી પણ રદ કરવામાં આવશે.
(૧૧) મંજૂર થયેલ લે–આઉટ પ્લાન પ્રમાણે બાંધકામ કરવા સુધરાઈની પરવાનગી મેળવવાની રહેશે તે સિવાય કોઈપણ જાતનું બાંધકામ કરી શકાશે નહી. કુદરતી પાણીનું વહેણ યથાવત જાળવવાનું રહેશે.
(૧૨) નગર નિયોજકશ્રી, તરફથી મંજૂરી માટે ભલામણ કરવામાં આવેલ પ્લાન મુજબ રસ્તા રાખવાના રહેશે અને પ્લાનમાં દર્શાવેલ શરતો મુજબ વર્તવાનું રહેશે.
(૧૩) ખુલ્લી જમીનમાં જરૂરી જણાય તે પ્રમાણે વૃક્ષો વાવવાના રહેશે અને અરજદારે પોતાની માલિકીની ખુલ્લી જમીનમાં વૃક્ષો વાવવાનાં રહેશે.
(૧૪) બાંધકામ કરવા અંગે જે તે ખાતાની પરવાનગી મેળવ્યા બાદ બાંધકામ કરવાનું રહેશે.
(૧૫) રીબન ડેવલપમેન્ટ રુલ્સ નો ભંગ ન થાય તે રીતે બાંધકામ કરવાનું રહેશે. તેમજ બાંધકામમાં ઝડપી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થો નો ઉપયોગ થઈ શકશે નહી.
(૧૬) કબજેદારે બાંધકામ શરૂ કર્યાની જાણ એક માસની અંદર તથા બાંધકામ પુરૂ થયેથી તેની જાણ એક માસની અંદર લેખિત નિવેદનથી મામલતદારશ્રી મારફતે અત્રેને કરવાની રહેશે.
(૧૭) પ્રશ્ન હેઠળની જમીના પ્લોટનું ઉત્તરોતર વેચાણ લેનારે પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૮) વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે દર મકાન / બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલી મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે.
(૧૯) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.
(૨૦) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
(૨૧) અરજદારે / જ્યાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
(૨૨) અરજદારે /જ્યાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન /જમીનથી જાળવવાનાં થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
(૨૩) અરજદારે /જ્યાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભયારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાનાં થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
(૨૪) આ હુકમમાં દર્શાવવામાં આવેલ છે તે પૈકી કોઈ પણ શરતોનો ભંગ કરે તો લેન્ડ રેવન્યુ કોડ મુજબ અરજદાર જે કાંઈ શિક્ષા પાત્ર હોય તે ઉપરાંત કલેકટરશ્રી જે કાંઈ દંડ અને બીનખેતી આકારની શિક્ષા તરીકે વસુલ લેવા ફરમાવે તે અરજદારે ભરવા પડશે તેમજ બીનખેતી માટેની અપાયેલી આ મંજૂરી તથા સનંદ અપાયેલ હોય તો તે પણ રદ કરવામાં આવશે.

॥૩॥

Scanned by CamScanner

જમીનનો જે તારીખથી બિનખેતી હેતુ માટે ઉપયોગ મંજુર કરવામાં આવે તે તારીખથી અપીલની મુદતના બે માસ પછી તુરત અરજદારશ્રીએ મામલતદાર કચેરીમાં સનંદ ભરી જવી.

આ હુકમમાં દર્શાવવામાં આવેલ સંલગ્ન ખાતા/કચેરીના અભિપ્રાયમાં જણાવેલ તમામ શરતો/જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

રવાના કર્યું

મામલતદાર-૨
કલેક્ટર કચેરી, ગીર સોમનાથ જિલ્લો
વેરાવળ

સહી/-
(અજય પ્રકાશ)
કલેક્ટર
ગીર સોમનાથ જિલ્લો

Scanned by CamScanner

આ કચેરીના હુકમ નં.લેન્ડ/૧/શી/એન.એ./રજી.નં.૬/૨૦૧૭-૧૮ તા.૭/૮/૨૦૧૮ સાથેનું બિનખેતી પરવાનગી અંગેના હુકમનું
શેત્રફળ તેમજ વસુલાતની વિગત દર્શાવતુ પરિશિષ્ટ

જિલ્લો—ગીર સોમનાથ	તાલુકો:—વેરાવળ					ગામ—વેરાવળ	
બિનખેતી પરવાનગી આપેલ જમીનના સ.નં.ક્ષેત્રફળ તથા કબ્જેદારનું નામ	બિનખેતી પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ	નિયમ મુજબ લેવાની બિનખેતી આકારનો દર તથા કયા પ્રકારની બિનખેતીનો ઉપયોગ છે તેની વિગત	વસુલ કરવાના બિનખેતી આકારની કુલ રકમ	રૂપાંતકર લેવાનો થતો હોય તો તેની રકમ	શિક્ષણઉપકર લેવાનો થતો હોય તો તેની રકમ	અન્ય કોઈ વેરા વસુલ લેવાના હોય તો તેની રકમ	કોલમ નં.૪/૬/૭ના વેરા કઈ તારીખ થી લેવાના છે.
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજેઃ વેરાવળ, તા.વેરાવળ (નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ) મોજેઃ વેરાવળ શહેરના સ.નં.૧૪૦૪/પૈ.૧/પૈ.૩ ની જમીન હે.૦૦-૭૫-૮૮ ચો.મી. જમીનના કબ્જેદાર શ્રી કોળી ભીખાભાઈ નારણભાઈ	ચો.મી. ૭૫૮૮-૦૦	રહેણાંક ના હેતુ માટે પ્રતિ ચો.મી.ના રૂ.૦૦-૨૫ પૈસા	બિનખેતી આકાર રૂ. ૧,૮૯૭/-	પ્રતિ ચો.મી.ના રૂ.૧૦/- મુજબ રકમ રૂ.૭૫,૮૮૦/-	રૂ.૪૦૫/-	લોકલ ફંડ રૂ.૯૬૬/-	તા.૧/૮/૨૦૧૭ થી

રવાના કર્યું
(સહી)
મામલતદાર-૨
કલેકટર કચેરી, ગીર સોમનાથ જિલ્લો

સહી/-
(અજય પ્રકાશ)
કલેકટર
ગીર સોમનાથ જિલ્લો

Scanned by CamScanner